### અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસનો દબદબો

# જિલ્લા આયોજન સમિતિમાં ૧૮ બેઠકો પર કોંગ્રેસ વિજયી : બે પર ભાજપ



અરવલ્લી, તા. ૧૯

અરવલ્લી જિલ્લા આયોજન સમિતિની મંગળવારના રોજ ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૯૦ મતદાતાઓમાંથી ૭૩ મતદારોએ સમિતિના સભ્યો ચૂંટવા માટે મત આપ્યા હતા. અરવલ્લી જિલ્લા પંચાયત તેમજ મોડાસા નગરપાલિકાના તમામ મતદારોએ મતદાન કરતા ૧૦૦ ટકા મત પડ્યા હતા. જિલ્લા પંચાયત અને મોડાસા ન.પા.ની મત ગણતરી બુધવારે હાથ ધરાતા જિલ્લા પંચાયતની તમામ ૧૮ બેઠકો પર કોંગ્રેસો દબદબો રહ્યો હતો. કોંગ્રેસના તમામ ઉમેદવાર વિજય બનતા અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ અભિનંદન પાઠવ્યા હતા. મોડાસા નગરપાલિકાની આયોજન સમિતિની બન્ને બેઠકો પર ભાજપનો જવલંત વિજય થતા જીતેલા ઉમેદવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ચૂંટણી અધિકારી અને આયોજન અધિકારી રીટાબેન પંડ્યાએ જીલ્લા આયોજન સમિતિની મુદત પુરી થતા ચૂંટણી કવાયત હાથ ધરતા તા. ૧૮ ઓક્ટોબર મંગળવારે જિલ્લા પંચાયતના ૧૮ ઉમેદવારો એન નગરપાલિકાની ૨ બેઠકો માટે મતદાન થયું હતું. બુધવારે તા. ૧૯મી ઓક્ટોબરે ૧૧ વાગે મતગણતરી હાથ ધરાતા અપેક્ષા મુજબ જ કોંગ્રેસનો પંજો ફળી વળ્યો હતો.

ગત વર્ષે યોજાયેલા જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના પરિણામોની સ્પષ્ટ ઝલક જોવા મળી હતી. જિલ્લા પંચાયત કેટેગરીમાં ૧૮ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોને જીતેલા જાહેર કરવામાં આવ્યા હતા. બીજી બાજુ નગરપાલિકા મોડાસાની બે બેઠકો પર સત્તાધારી પક્ષ ભાજપાના ૨ ઉમેદવારો વિજય બન્યા હતા.

# કબડ્ડી વિશ્વ કપમાં ભારત સેમીફાઈનલમાં






### પ્રારંભિક મેચમાં કોરિયાની સામે હાર થયા બાદ ભારતીય ટીમે સતત સારો દેખાવ કરી પોતાની આશા જીવંત રાખી

અમદાવાદ,તા. ૧૯

અમદાવાદમાં રમાઈ રહેલી કબડ્ડી વર્લ્ડ કપ સ્પર્ધાની એક મેચમાં ભારતે ઈંગ્લેન્ડ પર ૬૯-૧૮થી જીત મેળવીને સેમીફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રાખી હતી. સેમીફાઈનલ પ્રવેશની આશા જીવંત રહેતા ભારતીય ચાહકોમાં હવે રોમાંચકતા વધી ગઈ છે. પ્રારંભિક મેચમાં દક્ષિણ કોરિયા સામે જોરદાર ધબડકો થયો બાદ ભારતનો રથ સડસડાટ દોડતો રહ્યો છે. જેમાં બાંગ્લાદેશ જેવી મજબુત ટીમ સામે ૩૭ પોઈન્ટથી જીત પણ ઉપયોગી સાબિત થાય છે. ઈંગ્લેન્ડ કરતા દરેક ક્ષેત્રમાં ભારતની રમત જોવા લાયક રહી હતી. સ્પર્ધામાં બે હાર અને બે જીત સાથે ઈંગ્લેન્ડ બહાર થઈ ગયુ છે. અગાઉ કબડ્ડી વિશ્વકપના ગઈકાલે ૧૨ દિવસે બે મેચો રમાઈ હતી જેમાં પ્રથમ મેચમાં કેન્યાએ અમેરિકા સામે ૭૪-૧૯થી જીત મેળવી હતી.કેન્યાએ સેમિફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રાખી હતી. કેન્યા સેમિફાઈનલમાં પહોંચશે કે કેમ તે અંગેનો નિર્ણય જાપાન અને થાઈલેન્ડ વચ્ચે રમાનારી છેલ્લી લીગ મેચના નિર્ણયના આધાર પર થશે. કેન્યાએ દરેક ક્ષેત્રમાં અમેરિકા કરતા જોરદાર દેખાવ કર્યો હતો. રેડિંગમાં કેન્યાના ૩૨ પોઈન્ટ હતા જ્યારે અમેરિકાના ૧૩ હતા જ્યારે ટેકલ પોઈન્ટમાં બંને વચ્ચે ૧૮ પોઈન્ટનું અંતર રહ્યું હતું. આ ઉપરાંત કેન્યાએ દરેક હાફમાં અમેરિકાને ત્રણ ત્રણ વખત ઓલઆઉટ કરવામાં સફળતા મેળવી હતી. ભારતે પ્રથમ અંતરાલમાં ઈંગ્લેન્ડ પર ૪૫-૬ની લીડ મેળવી હતી.૧૨મા દિવસે બન્ને મેચો એકતરફી રહી હતી. ભારતની મેચમાં ઉત્સાહ હતો.

# પર્યાવરણ જાગૃતિ માટે ૩૬ વર્ષથી ૧૧ દેશોમાં પદયાત્રા કરી મહેસાણા પહોંચ્યા

### યાત્રા દરમિયાન ૬ કરોડ ૫૦ લાખ ભારતીય પ્રજાતિના વૃક્ષોનું વાવેતર કર્યું : પર્યાવરણ સંરક્ષણ, વિશ્વશાંતિ માટે વિશ્વમાં ૩,૧૫,૦૦૦ કિમિની પદયાત્રા પુર્ણ કરી

મહેસાણા, તા. ૧૯

ભારત નેપાળ સરહદે આવેલા લખીમપોર જિલ્લાના અવધ બિહારી લાલે ૧૩ વર્ષની ઉંમરે ૩૦



જુલાઈ ૧૯૮૦ના રોજ ઉત્તરપ્રદેશથી પર્યાવરણ જાગૃતિ માટે પદયાત્રાનું પ્રસ્થાન કર્યું હતું. અવધ બિહારી લાલના કુટુંબીજનો તેમજ આજુબાજુના ૨૦ ગામો ૧૯૮૦ આવેલા પુરમાં તણાઈ ગયા હતા. ગ્લોબલ વાંમિંગની આ સમસ્યા નિવારણ માટે તેમણે પર્યાવરણ સંરક્ષણ અને જાગૃતિ માટે યાત્રા માટે શરૂ કરી છે.

મહેસાણા જિલ્લામાં આ ગ્રુપ આવી પહોંચી જિલ્લા કલેકટર આલોક કુમારની શુભેચ્છા મુલાકાત કરી હતી. જેમાં જિલ્લા કલેકટરે આ પદયત્રા માટે શુભેચ્છા આપી ટીમને પ્રોત્સાહીત કરી હતી.

પર્યાવરણ સંરક્ષણ, વિશ્વ શાંતિ, શિક્ષણ,મહિલા સશક્તિકરણ સહિત સરકારી યોજનાઓનો પ્રચાર પ્રસાર સહિતની કામગીરી યાત્રા દરમિયાન અવધ બિહારી લાલ સહિત તેમની ૨૦ સભ્યોની ટીમ દ્વારા થઈ રહી છે. આ ટીમ ૧૧ દેશોમાં ૩,૧૫,૦૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડી ચુડી છે. જેમાં પાકિસ્તાન, બલુચિસ્તાન, અફઘાનિસ્તાન, નેપાળ, ચાઈના, ભુટાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, તિબેટ વગેરે દેશોનો પ્રવાસ કરેલો છે. અવધ બિહારી લાલ જણાવે છે કે યુવા જાગૃતિ આંતરરાષ્ટ્રીય ડેન્જર્સ એડનવન્ચર્સ, અન્તર્વેદ સ્પોર્ટસ લોંગેસ્ટ વિશ્વ ટુર દ્વારા આયોજીત પદયાત્રા પ્રવાસ દરમિયાન આજ દિન સુધી ૬ કરોડ ૫૦ લાખ ભારતીય પ્રજાતિના વૃક્ષોની વાવેતર તેમજ જતન કરાયું છે.

# સેવા સેતુ હેઠળ આધાર-રેશનિંગ કાર્ડ સહિતની સુવિધા સ્થળ પર જ

### પારદર્શી વહીવટી તંત્રની પ્રતિબદ્ધતા સાથે બે ઐતિહાસિક નિર્ણય : સેવા સેતુ અને પ્રગતિ સેતુ હેઠળ રાજ્ય સરકારની નવતર પહેલ

અમદાવાદ, તા.૧૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુશાસનના ચાર સ્થંભ પારદર્શીતા, સંવેદનશીલતા, નિર્ણાયક્તા અને પ્રગતિશીલતાથી રાજયના પ્રજાજનોને યોજનાકીય લાભોના કામો તાલુકા કે જિલ્લા કચેરીએ ગયા વગર ગ્રામ્યકક્ષાએ મળતા થાય, તે હેતુથી પ્રજાલક્ષીતાના બે ઐતિહાસિક નિર્ણયો કર્યા છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર વ્યક્તિલક્ષી યોજનાકીય લાભો માટે સેવા સેતુ અને સામુહિકલક્ષી રજુઆતો માટે પ્રગતિ સેતુ એમ પ્રજાભિમુખ અને પ્રોપિપલ ગવર્નન્સની બે નવતર પહેલરૂપ વ્યવસ્થાનું આયોજન રાજય સરકારે કર્યુંછે. આ નિર્ણયોની ભૂમિકા આપાતાં આરોગ્ય રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા અનેકવિધ વિભાગો હેઠળની જિલ્લા તેમજ તાલુકા ખાતેની કચેરીઓ દ્વારા રાજયના બહુઆયામી વિકાસને ધ્યાને લઈ પ્રજાના પ્રશ્નો રજુઆતોના નિકાલ માટેની સઘન અને સુદઢ વ્યવસ્થા અમલમાં છે. રાજયનું વહીવટી માળખું કાર્યક્ષમ રીતે, પારદર્શીતા, સંવેદનશીલતા તથા જવાબદારીની ભાવના સાથે પ્રજાભિમુખ વહીવટ આપી શકે તે પરત્વે રાજય સરકાર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવતાં રહ્યાં છે. આ માટે રાજયના મંત્રીઓ, સચિવઓ અને વિભાગના સચિવઓ દ્વારા ક્ષેત્રિય કચેરીઓની મુલાકાત લઈ પ્રજાના પ્રશ્નોના ઝડપી નિકાલ માટેની વ્યવસ્થા સાથો સાથ લોક સંવાદ સેતુ જેવો કાર્યક્રમ પણ સુચારૂ રૂપે અમલમાં છે. શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે પ્રજાના તેમજ સામૂહિક રજુઆતોનો નિકાલ સ્થાનિક કક્ષાએ જ થઈ શકે અને સરકાર નાગરિક પાસે પહોંચી હકારાત્મક વલણ સાથે તેમની રજુઆતો ઉકેલે તેમજ યોજનાકીય લાભો ઉપલબ્ધ બનાવે તેવા પ્રજાહિતલક્ષી સેવાભાવ સાથે રાજય સરકારે સેવા સેતુ અને પ્રગતિ સેતુ વ્યવસ્થા ઉભી કરી પ્રજાની પાસે પહોંચી, પ્રજાની સામૂહિક રજુઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવાની વ્યવસ્થાની પહેલ કરી છે. આરોગ્ય રાજયમંત્રીએ આ નવી વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુની વિગતો આપતા જણાવ્યું કે, આ વ્યવસ્થામાં તાલુકાકક્ષાએ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ૮થી ૧૦ ગામોના પ્રજાજનો માટે દર માસે ઓછામાં ઓછા ૨ કેમ્પ યોજીને જુદા જુદા ૧૩ જેટલા અધિકારીઓની સમિતિ દ્વારા આવકના દાખલા, જાતિના દાખલા, આધાર કાર્ડ, રેશન કાર્ડ, ક્રિમીલિયર પ્રમાણપત્ર, વિધવા સહાય, સરકાર દ્વારા અપાતી અન્ય સહાયો, જમીન માપણી, નવી નોંધ દાખલ કરવી, મા અમૃતમ કાર્ડ તથા મા વાત્સલ્ય કાર્ડ જેવી અનેકવિધ સેવાઓ સ્થળ ઉપર તાત્કાલિક આપવામાં આવશે.

# ગાંધીનગરમાં કોન્સ્ટેબલની પરીક્ષામાં ૨૨,૭૭૦ ઉમેદવારો

ગાંધીનગર, તા.૧૯

ભરતી બોર્ડ દ્વારા રાજ્યભરમાં પોલીસ કોન્સ્ટેબલની પરિક્ષા ૨૩ તારીખે રવિવારનાં રોજ યોજાનાર છે. ૧૭,૫૩૨ જગ્યા માટે રાજ્યનાં ૭.૮૨ લાખ ઉમેદવારો પરિક્ષા આપનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જીલ્લામાં ૨૨,૭૭૦ ઉમેદવારો લેખિત પરિક્ષામાં બેસનાર છે. આ પરિક્ષામાં કોઈ ગેરરીતી ન થાય અને શાંતિપુર્વક પરિક્ષા સંપન્ન થાય તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. જો કે આ જ દિવસે ગાંધીનગરમાં રાષ્ટ્રપતિનું પણ આગમન થવાનું હોવાથી તેમની સલામતિ અને સુરક્ષામાં પણ ગાંધીનગર પોલીસે વિશેષ ધ્યાન આપવુ પડશે. ઓછો સ્ટાફ હોવા છતા બંને બંદોબસ્તને પાર પાડવા તે દિવસે કરાઈની પોલીસની મદદ લેવામાં આવશે. જીલ્લા પોલીસ રાષ્ટ્રપતિ બંદોબસ્તમાં તૈનાત રહેશે અને કોન્સ્ટેબલનાં ૭૨ પરિક્ષા કેન્દ્રોમાં કરાઈ પોલીસ બંદોબસ્તમાં ગોઠવાશે.

ગાંધીનગર જીલ્લામાં કુલ ૨૨,૭૭૦ ઉમેદવારો રવિવારે કોન્સ્ટેબલની લેખિત પરિક્ષામાં બેસનાર છે. ગાંધીનગર જીલ્લાની કુલ ૫૩ શાળાઓ તથા ૧૯ કોલેજો મળીને ૭૨ કેન્દ્રો પર પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યુ છે. પરિક્ષામાં કોઈ ગેરરીતી ન થાય તે માટે તમામ કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની વોચ રાખવામાં આવશે. તે ઉપરાંત ચુસ્ત પોલીસ બંદોબસ્ત વિવિધ કેન્દ્રો પર ગોઠવવામાં આવનાર છે. ૧૯ ફ્લાઈંગ સ્ક્વોર્ડ પરિક્ષા કેન્દ્રોમાં ફરશે અને કોઈ ગેરરીતી વગર શાંતિપુર્ણ માહોલમાં પરિક્ષા સંપન્ન થાય તેની તકેદારી રાખવામાં આવશે. ૨૩ ઓક્ટોબરે આ પરિક્ષા યોજાશે અને આ જ દિવસે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પણ ગાંધીનગરનાં મહેમાન બનનાર છે. રાષ્ટ્રપતિ માટે પણ વિશેષ સુરક્ષા વ્યવસ્થા આવશ્યક હોવાથી ગાંધીનગર પોલીસ એક જ દિવસનાં બે મોટા બંદોબસ્તને પહોંચી વળવા કરાઈ પોલીસની મદદ લેશે તેવુ સુત્રો પાસેથી જાણવા મળ્યુ છે. કરાઈ પોલીસ પરિક્ષા બંદોબસ્ત સંભાળશે અને જીલ્લા પોલીસ રાષ્ટ્રપતિ બંદોબસ્ત માટે તૈનાત થશે.

## બ્રહ્મોસ મિસાઈલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૦૦ કિલોમીટરથી વધુની રેંજની મિસાઈલ સભ્ય દેશોને વેચી શકે નહી. સાથે સાથે ગ્રુપના બહારના દેશોની સાથે મળીને આ મિસાઈલ બનાવી શકાય નહી. બ્રહ્મોસની રેંજ હાલમાં ૩૦૦ કિલોમીટરની છે. જેના કારણે પાકિસ્તાનમાં દરેક જગ્યા પર પ્રહાર કરવાની બાબત શક્યનથી.હવે નવી મિસાઈલ જે રહેશે તે પાકિસ્તાનના તમામ વિસ્તારો સુધી પહોંચી શકે તેવી રહેશે. બ્રહ્મોસની ખાસ બાબત એ છે કે તેના કારણે ચોક્કસ વિસ્તારને ટાર્ગેટ કરી શકાય છે. આ મિસાઈલ પાકિસ્તાન સામે કોઈ પણ સંઘર્ષની સ્થિતીમાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. બેલાસ્ટિક મિસાઈલને અડધા અંતરથી ગાઈડ કરવામાં આવે છે. જ્યારે ક્રુઝ મિસાઈલની પૂર્ણ રેંજ ગાઈડેડ છે. બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલ તરીકે છે. આ મિસાઈલ પાયલોટ વગરના યુદ્ધ વિમાનની જેમ રહેશે. ભારત રશિયા સાથે મળીને આગળ વધવા માટે સંપૂર્ણ પણે તૈયાર છે. પાયલોટ વગરના યુદ્ધ વિમાનની જેમ આ મિસાઈલ કામ કરે છે જેને વચ્ચે પણ કન્ટ્રોલ કરી શકાય છે. આને કોઈપણ એંગલથી હુમલા કરવા માટે નક્કી કરી શકાય છે. પાકિસ્તાનને દરેક ક્ષેત્ર સુધી ત્રાટકવા માટે આ બ્રહ્મોસ મિસાઈલ સક્ષમ છે. દુશ્મનના મિસાઈલ ડિફેન્સ સિસ્ટમથી બચીને તેની સરહદની અંદર ઘુસીને અડ્ડાઓને ફૂંકી મારવામાં આ મિસાઈલ સક્ષમ છે.

## આકર્ષક ઓફર

● અનુસંધાન પહેલાનું ચાલુ

એરટેલનું કહેવું છે કે, વન જીબી ડેટા કસ્ટમરના એકાઉન્ટમાં સીધીરીતે ક્રિડિટ કરવામાં આવશે જ્યારે બાકીના વધારાના નવ જીબી ડેટા અન્યરીતે મોકલવામાં આવશે. માઈ એરટેલ એપ મારફતે આની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ભારતીય એરટેલના માર્કેટ ઓપરેશન અજય પુરીએ માહિતી આપતા કહ્યું છે કે, ભારતના યુઝરો માટે ફોરજી નેટવર્કની શરૂઆત અમારા દ્વારા જ કરવામાં આવી છે. નવી ઓફરથી ગ્રાહકો વધુ આકર્ષિત થશે. સાથે સાથે નવા મોબાઈલ સાથે એરટેલના ફોરજી નેટવર્ક ઉપર ગ્રાહકો હાઈસ્પીડ બ્રોડબેન્ડની સુવિધા મેળવી શકે છે. પ્રવર્તમાન ગ્રાહકો માટે પણ કેટલીક ઓફર કરવામાં આવી છે.

## મતભેદો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાની યાત્રાને યોગ્ય ઠેરવીને અખિલેશે કહ્યું છે કે, રાજકીય પક્ષો વર્ષ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને તૈયારીઓમાં વ્યસ્ત છે પરંતુ સમાજવાદી પાર્ટીએ કેટલાક કારણોસર હજુ સુધી આવી કોઈ તૈયારી કરી નથી જેથી મહત્વપૂર્ણ ગણાતા રાજ્યોમાં ફરીવાર સરકાર બનાવવા માટે પાર્ટીના નેટવર્કને મજબૂત કરવાની જરૂર છે. આજ કારણસર ત્રીજી નવેમ્બરથી ફરીવાર સમાજવાદી વિકાસ યાત્રા હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. અખિલેશ યાદવ રાજ્યના પાટનગર લખનૌમાં પાંચમી નવેમ્બરના દિવસે સમાજવાદી પાર્ટીની સિલ્વર જ્યુબિલી ઉજવણીમાં ભાગ લેશે કે કેમ તેને લઈને હજુ ચર્ચા ચાલી રહી છે. ઉજવણીનો બહિષ્કાર અખિલેશ કરી શકે છે. મુલાયમ-શિવપાલ અને અખિલેશ યાદવ વચ્ચે ચાલી રહેલી લડાઈમાં નવો વળાંક આવી ગયો છે. રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે કે, શાસક પાર્ટીમાં ચાલી રહેલી સત્તા ખેંચતાણની લડાઈથી યાદવ પરિવારને નુકસાન થશે.

## કાટમાળ હટાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગલા લેવાતા નથી. વાઈબ્રન્ટ સમિટમાં બ્યુટીફિકેશનના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. પરંતુ આમ નાગરિકોની દુવિધા નિવારવા ઘોર ઉદાસીનતા સેવાઈ રહી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં દુવિધાઓનો કોઈ પાર નથી. ગંદકી રખડતા ઢોર તેમજ પાર્કીંગની પેચીદી સમસ્યાએ શોપિંગ વિસ્તારમાં અજગર ભરડો લીધો છે. ત્યારે શોપિંગ વચાળે કંગાળ ભાસતો ફુવારાનો કાટમાળ પણ વેપારીઓ અને મુલાકાતીઓ માટે દુવિધારૂપ બન્યો છે. અગાઉ રાજયના તત્કાલીન મુખ્ય સચિવ પાંડિયને શોપિંગની મુલાકાત લીધી હતી. આ દરમિયાન શોપિંગ વિસ્તારમાં વર્ષોથી બંધ ફવારાની સ્થળ સ્થિતિ નિહાળી તેઓ બે ઘડી વિચારમાં પડી ગયા હતા. જયારે ગંદકી અને મચ્છરોનુ ઉદભવ સ્થાન બનેલી આ જગ્યાએ પાર્કીંગ તૈયાર કરી દેવા માટે વિભાગના અધિકારીઓને સુચના પણ આપી હતી. પરંતુ તેમની ફરજ મુક્તિના અંતે આ વાત જાણે સદંતર વિસરાઈ જતા લાંબા સમયના અંતે પણ આ વિસ્તારનો નજારો બદલાયો નથી. બંધ ફુવારાના લીધે સે-૨૧ શોપિંગ સેન્ટરની રોનક ઓસરી ગઈ છે. જયારે પાર્કીંગની પર્યાપ્ત જગ્યાના અભાવ વચ્ચે ફુવારાના કાટમાળનુ અસ્તિત્વ પ્રત્યેક મુલાકાતીઓને ખુંચે છે. સ્થાનિક ધારાસભ્ય અશોક પટેલે પણ આ ઠેકાણે પાર્કીંગ તૈયાર કરવા માટે ભલામણ કરી છે. પરંતુ ત્વરિત પગલા લેવા માટે કોઈ નક્કર પગલા લેવાતા નથી. બીજીતરફ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી બ્યુટીફિકેશનના નામે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ આમ નાગરિકોને રોજબરોજ સતાવતી સમસ્યાને નજર અંદાજ કરવાની નિતી અપનાવાઈ છે. આ સ્થિતિના લીધે નાગરિકો તેમજ વેપારીઓમાં પણ રોષ ભભુક્યો છે.

## અપેક્ષિત પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સભ્યોને અનુક્રમે ૮૭, ૮૫, ૮૪ અને ૮૩ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના ચાર ઉમેદવારોને ૩૮, ૩૭, ૩૭ અને ૩૬ મત મળ્યા છે.

કોંગ્રેસના બે સભ્યો મતદાન કરવા અનિવાર્ય સામાજિક સંજોગોને લઈ આવી શક્યા ન હતા અને તેથી તેની સંખ્યા ૩૬ની થતી હતી પરંતુ મળેલા મતો જ બતાવે છે કે સભ્યોએ આંતરિક ક્રોસ વોટીંગ કર્યુ છે. જો કે તેની કોઈ અસર પરિણામ પર પડી નથી.

દરમ્યાન મતગણતરીમાં જોવા મળ્યું હતું કે એક સભ્યએ માત્ર એક જ ઉમેદવારને મત આપ્યો હતો તો એક સભ્યે ત્રણ ઉમેદવારને મત આપ્યા હતા. નગરપાલિકાની ચૂંટણીમાં ચાર મત આપવાની જોગવાઈ છે.

બીજી તરફ ચૂંટણી અધિકારી અજય પટેલે જણાવ્યું છે કે આયોજન સમિતિની ૨૦ બેઠકોની મતગણતરી આજે સંપન્ન થઈ છે અને કાલે તેનું વિધિવત પરિણામ જાહેર કરવામાં આવશે તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ છે.

## લાગણીનો મેળો

● ૪ પાનાનું ચાલુ...

● તીર્થયાત્રા: ભગવાન આપણું જીવન ચલાવે છે. તેથી કૃતજ્ઞભાવે તેનું સ્મરણ કરવું પૂરતું નથી પરંતુ તેને માટે સમય કાઢવો જોઈએ. પ્રભુનું સ્મરણ — પ્રભુના વિચારોને ઘેર ઘેર પહોચાડવા લોકો સાથે ઈશ શ્રદ્ધાની — ઈશ પ્રેમની વાતો કરતા કરતા હૂંફ આપતા અને હૂંફ મેળવતા એક ગામથી બીજે ગામ આગળ વધવું તે તીર્થયાત્રા.

● એકાદશી: પખવાડિયાની અગિયારમી તિથી જ કેમ લેવામાં આવી? પૂ.દાદા સમજાવતા કે પાંચ કર્મેન્દ્રિઓ પાંચ જ્ઞાનેન્દ્રીઓ અને અગિયારમું આપણું મન જેના થકી ઉપભોગનો આનંદ માણી શકીએ છીએ તેથી પરમાત્માના ચિંતન — મનન માટે આ તિથી નક્કી કરાઈ. તે દિવસે વધુ ને વધુ પ્રભુમય રહેવું. ઉપ+વાસ — ઉપ એટલે ની પાસે વાસ એટલે વસવું. પોતાનું ભાથું લઈ જવું ને વધુ ને વધુ પ્રભુમય બનાવાનો અભ્યાસ કરવો.

● બ્રાહ્મણ : બ્રહ્મનું કાર્ય કરે તે બ્રાહ્મણ સમાજના બધાજ વર્ગોમાંથી પ્રભુકાર્ય કરનારને આવકાર્યા. સંસ્કૃતિ અને સંસ્કારોને જીવિત રાખવા કટિબદ્ધ કૃતિશીલો દાદાને મન પાર્ટ ટાઈમ બ્રાહ્મણ જ છે.

● યજ્ઞ: યજ્ઞ એટલે સામૂહિક કાર્ય. એકમેકમાં ભળીને કરેલું કાર્ય. નાના મોટાના ભેદ ભૂંસી નિષ્કામ ભાવે સમૂહમાં કરેલું સત્કાર્ય.

● મૂર્તિપૂજા: પૂ.દાદા મૂર્તિપૂજાને perfect science કહે છે. શાસ્ત્રીય સમાજ લોક હૈયામાં જાગ્રત કરી. (વિસ્તૃત માહિતી માટે પૂ. દાદાના — મૂર્તિપૂજા — ગુણોપાસના પુસ્તક જોવા વિનંતી)

● મંદિર: વૈદિક વિચારધારાને અનુરૂપ ''લોકનાથ અમૃતાલયમ''દ્વારા મંદિરની સંકલ્પના સાકાર કરી. મંદિર એટલે જ્યાં શાંતિ મળે — જીવન દર્શન મળે — જીવનની સમસ્યા ઉકેલાતી હોય — આ બધું સાકારિત થયું.

● ભક્તિફેરી એક સામાજિક શક્તિ છે.

● યોગેશ્વર કૃષિ: ભૂમિ પુત્રો પોતાની કર્મ કુશળતા પ્રભુ ચરણે ધરે. ભગવાનનું ખેતર — ખેતી કરવી એ ભક્તિ — ખેડૂત પૂજારી પાકેલો પાક અપૌરુષેય લક્ષ્મી — જરૂરીયાતમંદને પ્રસાદરૂપે અપાય. આપનારને અહં નહિ ને લેનારને લાચારી નહિ. આવાં અસંખ્ય યોગેશ્વર કૃષિ ઉભાં કર્યા.

● મત્સ્યગંધા : માછીમારો માટેનું તરતું મંદિર, હલેસાં અને જાળ એમના ભક્તિનાં સાધનો. સાગરપુત્રોણી ટુકડી ભક્તિરૂપે 'ફિશિંગ' કરે. પોતાની કર્મકુશળતા પ્રભુને ચરણે ધરે. એમાંથી આવેલું વિત્ત જરૂરિયાતમંદને અપાય. હવે તો માલવાહક 'cargoship' તરતાં મૂકાયાં છે. રેતીકામના ધંધામાં વપરાય છે. માછીમારી છોડી રેતીના ધંધામાં સાગરપુત્રો વળ્યા.

● એકવીરા: આગરી સમાજની કુળદેવી 'એકવીરા' ના નામે દસ ટ્રકો માલવાહક તરીકે ફરે છે. મહાલક્ષ્મી પ્રભુકાર્ય માટે વપરાય છે.

● હીરામંદિર : હીરાઘસું — રત્નકલાકાર નક્કી કરેલી ઘંટી ઉપર વારાફરતી બબ્બે કલાક નિયમિત હીરા ઘસવાનો કસબ પ્રભુ ચરણે ધરે છે.

● પરિવાર સ્ટોર્સ — યંત્ર જીજ્ઞાસા : વેપારી ભાઈઓ પોતાનું વાણિજ્ય કૌશલ્ય પ્રભુ ચરણે ધરે છે. નાના નાના યંત્રો બનાવવા યંત્ર જીજ્ઞાસા તથા અન્ય ઉદ્યોગોમાં સમર્પિત ભાવથી કૃતિશીલો પોતાની નિપુણતા ધરે છે. સેંકડો ઈજનેરોની ટીમ છે. જેમના માર્ગદર્શનથી શોષખાડાઓ, ગટર યોજનાઓ, કુવા રીચાર્જ, નિર્મલનીર (તળાવ) ખોદાયા. તેમજ જરૂરી મકાનો પણ બંધાયાં.

● ગોરસ: ગોપાલ કૃષ્ણના ક્રાંતિકારી પ્રયોગને દાદાએ આધુનિક રૂપ આપ્યું. સમૂહભાવનાથી ડેરી ઉદ્યોગ વિકસાવી ગામને સમૃદ્ધ કરવાનો પ્રયોગ છે. સાચા અર્થમાં શ્વેત ક્રાંતિનું નિર્માણ થાય.

● શ્રી દર્શનમ : વીસ ગામનું ઝૂમખું વીસ ગામના ખેડૂતો — પૂજારી યજ્ઞીય ભાવનાથી ખેતી કરે સમર્પિત શ્રમભક્તિના ફલસ્વરૂપે 'શ્રી' ના દર્શન થાય. વીસ ગામ પારિવારિક ભાવનાથી જીવે, એકતા અને સમતા કેળવાય.

● વૃક્ષમંદિર: છોડમાં રણછોડ, વૃક્ષમાં વાસુદેવ 'અશ્વસ્થ સર્વ વૃક્ષાણામ' આપણી પ્રાચીન ભાવનાનું મૂર્ત સ્વરૂપ બાલતરુની વેદ મન્ત્રોથી પ્રાણ પ્રતિષ્ઠા કરાવી મંદિરનું પાવિત્ર્ય નિર્માણ કર્યું.

સામાજિક ક્રાંતિના પરિપેક્ષ્યમાં સ્વાધ્યાય કાર્ય:

● ઘર મંદિર: વનવાસીઓના ઘેર ઘેર ફરતું મંદિર, ભગવાન અઠવાડિયું રોકાય પછી બીજા ઘેર એમ આગળ વધે. અઠવાડિયા સુધી ઘર મંદિર બને, પવિત્રતા જળવાય, દુરાચાર અટકે, ભગવાન ઘેર આવે પછી તો દારુ કેમ પીવાય? સમજ વિકસે અને સહજપણે વ્યસનમુક્ત સમાજ બને. ઉદ્યમ કરતા થયા.

● પતંજલિ ચિકિત્સાલય: વનવાસી વિસ્તારોમાં ડોકટરો ભક્તિના હેતુથી જાય, સારવાર ચિકિત્સા કરે ને વૈદિક વિચારોનું વાવેતર પણ કરે.

શિક્ષણનો ક્રાંતિકારી પ્રયોગ:

● ઋષિ કૃષિ વિદ્યાલય — જીવન પ્રજ્ઞા વિદ્યાલયનો વિરલ ક્રાંતિકારી પ્રયોગ આપ્યો.

દોસ્તો, પૂજ્ય દાદાનું જીવન શબ્દાતીત છે. ઉદાત્ત પવિત્ર જીવનને કલમથી સ્પર્શવું તેમાં ધન્યતા છે. અહી પૂર્ણને પહોંચવાનો આ એક અપૂર્ણ પ્રયાસ જ છે!

ચૈતન્યપૂંજ સમા પરમપૂજનીય દાદાજીએ મૂરજાયેલા માનવ્યમાં અસ્મિતા, આત્મીયતા, બંધુતા અને સમાનતાના પુષ્પો ખીલવી તેમાં ઉત્સાહ, કૃતિશીલતા, સમર્પણ અને ગૌરવના રંગો પૂરી ભક્તિની સુવાસ મૂકી છે. પથ્થરમાં પ્રાણ પૂર્યા છે. મનુષ્ય ગૌરવ નિર્માણ કર્યું છે. અસંખ્ય ચૈતન્યો લહેરાતાં કર્યા છે. આવી અનોખી કેડી એટલે સ્વાધ્યાય!

આવી નૂતન કેડી કંડારનાર પરમપૂજનીય દાદાજીને પંચાણુંમા મનુષ્યગૌરવદિને શતશઃ પ્રણામ!!!

***સ્પર્શમણિ :***

સદબુદ્ધિ વાળો એટલે —

● જેનામાં ઈશ્વર સન્મુખતા છે. પ્રભુ પર પ્રેમ છે.

● જે સંસ્કૃતિ પરાયણ છે એટલે કે જેને ઋષિઓ અને સંતો માટે પૂજ્ય ભાવ છે. વડીલો પ્રત્યે આદર છે સંસ્કૃતિ માટે જેને ગૌરવ અને આત્મીયતા છે.

● જેનામાં આત્મવિકાસની ઝંખના છે. પ્રભુકાર્ય કરવા માટે જે તત્પર છે.જેનામાં શીઘ્ર નિર્ણયશક્તિ છે.

- પાંડુરંગ શાસ્ત્રી આઠવલે
Rasikvaland1965@gmail.com